# સતીષ મરાઠીને 80 ઘા મરાયા હતા

**તાપી** LCB અને સુરત ક્રાઇમ બ્રાન્ચે 4 સગીર સહિત 8 પકડાયા

**જૂની** અદાવત અને 'તે મારે તે પહેલાં મારી નાંખો'ની દહેશતમાં ખેલાયો ખૂની ખેલ

**લાજપોર** જેલમાં ગુજસીટોકના કેદી રાહુલ મંડલે મર્ડરનું કાવતરું ઘડ્યું હતું

સુરત: ભેસ્તાનમાં સરસ્વતી આવાસ પાસે ગત બુધવારની બપોરે ખેલાયેલા ચકચારી સતીષ મરાઠા હત્યાકાંડનો સુરત ક્રાઇમ બ્રાન્ચ અને તાપી જિલ્લા LCB પોલીસે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી નાખ્યો છે. મહારાષ્ટ્ર તરફ નાસી છૂટવાની પેરવીમાં રહેલા 4 આરોપીઓ અને 4 કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરો મળી કુલ 8 જણાને સુરત-ધુલિયા હાઇવે પર ઉછલ નજીકથી દિલધડક ઓપરેશન પાર પાડીને પકડી પાડવામાં આવ્યા છે. જુની અદાવત અને 'તે મારે તે પહેલાં મારી નાખો'ની દહેશતમાં ખેલાયો ખૂની ખેલ ખેલાયો હોવાનું બહાર આવ્યું છે. સતીષ મરાઠી પર હુમલો થયો ત્યારે તેની સાથે પારુલ ચૌહાણ હાજર હતી તેણે પોલીસને જણાવ્યું હતું કે

હુમલાખોરોએ સતીષને ચારેય તરફથી ઘેરી પેટમાં ચપ્પુનો ઘા માર્યો હતો. જીવ બચાવવા સતીષ ખાડીમાં ભાગ્યો હતો, જ્યાં તેના પર બે રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું, પરંતુ ગોળી તેને વાગી નહોતી. હુમલો થતાં પારુલ પણ જીવ બચાવવા સ્થળ પરથી ભાગી ગઈ હતી. આરોપીઓ પાસેથી પોલીસે આરોપીઓ પાસેથી દેશી હાથ બનાવટની મેગેઝિન સાથેની પિસ્તોલ - 2 ( કિંમત રૂ. 40,000 ),ખાલી મેગેઝિન - 1 ( કિંમત રૂ. 500 ),દેશી હાથ બનાવટનો તમંચો - 1 ( કિંમત રૂ. 5,000 ) અને 3 મોપેડ જપ્ત કરી છે.



### પકડાયેલા આરોપીઓ

૧. કેતન ઉર્ફે સન્ની સુધાકર સીરસાઠ (ઉ.વ. ૧૯, રહે. ધ્રુવપાર્ક સોસાયટી, ગોડાદરા)
૨. રાહુલ ઉર્ફે બટકો જગદેવભાઈ દુબે (ઉ.વ. ૨૦, રહે. ગણેશનગર સોસાયટી, પરવટ પાટિયા)
૩. કરણ ઉર્ફે પુદુલ હિરામણી દુબે (ઉ.વ. ૨૦, રહે. પ્રિયંકા સોસાયટી, ગોડાદરા)
૪. અજિત ઉર્ફે જસ્ટિન ભોલાભાઈ ગોસ્વામી (ઉ.વ. ૨૬, રહે. જલારામ સોસાયટી, ગોડાદરા)
૫. કાયદાના સંઘર્ષમાં આવેલા 4 કિશોર

### વોન્ટેડ આરોપીઓ:

૧. રાહુલ સોમન મંડલ (રહે. લિંબાયત, સુરત - હાલ લાજપોર જેલમાં કેદ - કાવતરું ઘડનાર મુખ્ય સૂત્રધાર)
૨. રાહુલ બબન કાપુરે (રહે. સુડા આવાસ, પાંડેસરા, સુરત)
૩. રિકુ નામનો શખ્સ

### હત્યારાઓએ સતીષ મરાઠી ગેંગના ગણેશ પર પણ હુમલો કર્યો હતો

મરણજનાર સતીષ મરાઠા ગુનાહિત ઇતિહાસ ધરાવતો હતો. તે વર્ષ ૨૦૨૦માં થયેલા ચકચારી સૂર્યા મરાઠી મર્ડર કેસમાં જેલમાં હતો અને જુલાઇ 2024માં છૂટ્યો હતો. ફેબ્રુઆરી 2026માં પકડાયેલા આરોપીઓએ સતીષના સાગરીત ગણેશ ખુટીયા ( ઉર્ફે કાલુ માલીયા ) પર ચપ્પુથી હુમલો કર્યો હતો. આ ગુનામાં સની, જસ્ટિન સહિતના આરોપીઓ લાજપોર જેલમાં ગયા ત્યારે ત્યાં ગુજસીટોકના ગુનામાં બંધ રાહુલ સોમન મંડલ સાથે સંપર્ક થયો હતો. રાહુલે સતીષ મરાઠાને પતાવી દેવા તમામ મદદ કરવાનું વચન આપ્યું હતું.

## સતીષ મરાઠીની શ્વાસનળી જ કાપી નાંખી હતી, ગોળી વાગી નથી : પીએમ રિપોર્ટ

3 કલાક સુધી પોસ્ટમોર્ટમ ચાલ્યું



સુરત: હત્યા બાદ સતીષ મરાઠીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં નવી સિવિલ હોસ્પિટલના ફોરેન્સિક વિભાગના વડા ડો.ચંદ્રેશ ટેલરે જણાવ્યું હતું કે, મૃતકના શરીર પર નાની-મોટી મળી કુલ 70થી વધુ ઇજાનાં નિશાન મળી આવ્યાં છે. ગળાના ભાગે ગંભીર ઇજા થવાથી શ્વાસનળી કપાઈ ગઈ હતી, જ્યારે પેટના ભાગે લિવરને ગંભીર નુકસાન પહોંચતાં વધુ પ્રમાણમાં રક્તસ્ત્રાવ થવાના કારણે તેનું મોત થયું હોવાનું પ્રાથમિક તારણ છે. ફાયરિંગ થયાની ચર્ચા વચ્ચે પોસ્ટમોર્ટમ દરમિયાન મૃતકના શરીરમાંથી કોઈ ગોળી વાગી હોવાના પુરાવા મળ્યા નથી.

### સતીષ મરાઠી ગેંગ બદલો લે તે પહેલા ગેંગલિડરનું જ ઢીમ ઢાળી દીધું

સતીષના માણસોએ પકડાયેલા અજિત ઉર્ફે જસ્ટિન અને એક સગીર પર ભૂતકાળમાં ચપ્પુ વડે હુમલો કર્યો હતો. જેની અદાવતમાં દોઢ મહિના પહેલા ગોડાદરા બ્રિજ નીચે સતીષ પર મરચાની ભૂકી નાખી હુમલો કરાયો હતો પણ સતીષ બચી ગયો હતો. સતીષ મરાઠા ગેંગ સામેથી હુમલો કરીને જીવથી મારી નાખશે તેવી દહેશતમાં આરોપીઓએ 'તે મારે તે પહેલાં તેને મારી નાખો'નું કાવતરું ઘડી આ ખૂની ખેલ ખેલ્યો હતો.

CRIME SCENE DO NOT CROSS CRIME SCENE DO NOT CROSS CRIME SCENE DO NOT CROSS CRIME SCENE DO NOT CROSS CRIME SCENE DO NOT CR

### ડીસીબી મે જાકે ગોલી મારુંગા, સતીષ મરાઠી ગેંગને સાગરિતોની ધમકી

સતીષની સરસ્વતી આવાસ પાસે જાહેરમાં હત્યા થયાની વાત વાયુવેગે ફેલાતાં તેની ગેંગના સભ્યો અને મિત્રો એક પછી એક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સતીષનો મૃતદેહ જોઈ કેટલાક મિત્રો હિબકે ચઢી ગયા હતા, જ્યારે કેટલાકે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ વાતાવરણને જોતા શહેરમાં ફરી ગેંગવોરની શક્યતાને નકારી શકાય તેમ નથી. દરમિયાન, મૃતદેહને એમ્બ્યુલન્સમાં લઈ જતી વખતે એક યુવકે પોલીસની હાજરીમાં 'ડીસીબીમાં જઈને ગોળી મારીશ' કહી ખુલ્લી ધમકી આપતા હોવાનો સોશ્યલ મીડિયા પર વીડિયો પણ વાયરલ થયો છે.

### એસ આર કંપની બનાવી ગેંગ ચલાવતો હતો

સતીષ પણ ગોડાદરા લિંબાયત જેવા વિસ્તારોમાં ખોફ જમાવવા એસ. આર કંપની બનાવી હતી.કંપનીમાં 1500 થી 2 હજાર જેટલા ટપોરી સહિતના યુવકો જોડાયેલા છે.આ કંપનીના જોરે તે ગોડાદરા વિસ્તારમાં દારૂ સહિત ગેર કાયદેસર પ્રવૃતિ આચરી રહ્યો હતો.આ પ્રવૃતિઓ ને લઈ તેની સામે વાળી પાર્ટીઓ તેની હત્યા કરવાનું નક્કી કર્યું હતું.તેના સાગરીતોએ થોડા દિવસ પહેલા મહિલા બુટલેગરના ઘરે પણ હથિયારો સાથે ઘુસી તોડફોડ થઈ હતી.

### સિવિલ ખાતે મોટી માત્રામાં સમર્થકો પહોંચી સતીષની હત્યા થતા રોષ વ્યક્ત કર્યો હતો

સતીષના મૃતદેહને ઘટનાસ્થળેથી એમ્બ્યુલન્સ મારફતે નવી સિવિલ હોસ્પિટલ લઈ જવાતાં તેના મિત્રો અને સમર્થકો મોટી સંખ્યામાં બાઇક પર પાછળ જોડાયા હતા, જેના કારણે રાજકીય રેલી જેવો માહોલ સર્જાયો હતો. આજે પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહ બહાર લાવવામાં આવતાં સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં હાજર સમર્થકો અને સ્વજનોએ ભીની આંખે શ્રદ્ધાંજલિ અર્પી હત્યારાઓને ફાંસીની સજાની માંગ સાથે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

### બદલા અભી બાકીના વિડીયો વાયરલ થયા

સતીષની હત્યા બાદ સોશિયલ મીડિયા પર ઉધના, લિંબાયત અને ડિંડોલી વિસ્તારના કેટલાક યુવાનો દ્વારા પોસ્ટ કરાયેલા 'બદલા અભી બાકી હૈ' અને ભાઈગીરીના સોંગ સાથે વીડિયો અને સ્ટેટસ ઝડપથી વાયરલ થઈ રહ્યા છે. આ વીડિયો હજારો યુઝર દ્વારા લાઇક કોમેન્ટ આપવામાં આવી છે.આવા વિડીયો મિલિયનમાં સ્ક્રોલ થતા શહેરમાં ગેંગ વોર થાય તેવી શક્યતાઓ ન કારી શકાય નહીં. સાથે સાથે મિસ યુ ભાઈ ના લખાણ સાથેના પણ ભાવુક વીડિયો વાયરલ થઈ રહ્યા છે. લાખો વ્યૂઝ મેળવનારી આ પોસ્ટોએ શહેરમાં ચર્ચા જગાવી છે, જોકે આવા દાવાઓની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

### સતીષ મરાઠીનો વિવાદસ્પદ ઇતિહાસ

- વર્ષ 2018 નો કિશોર પિંકીબા મર્ડર કેસ
- વર્ષ 2020 માં બહુચર્ચિત સૂર્યા મરાઠીની હત્યા
- વર્ષ 2026 નો આશીષ સિંઘ મર્ડર કેસ
- ઇચ્છાપોર પો.સ્ટે. માં ફાયરિંગ કરી હાફ મર્ડર કેસ

### આરોપીઓનો ગુનાહિત ઇતિહાસ

◆ કરણ ઉર્ફે પુદુલ ( હીરામણી રાજબહાદુર દુબે ): કડોદરા GIDCમાં હત્યાના ગંભીર ગુનામાં સંડોવણી તેમજ ગોડાદરામાં દારૂબંધી ભંગનો ગુનો નોંધાયેલો છે.

◆ કેતન ઉર્ફે સન્ની ( સુધાકર સુરેશ સીરસાઠ ): પુણા અને ગોડાદરા પોલીસ મથકમાં હત્યાની કોશિશ, ચપ્પુથી હુમલો અને પ્રોહિબિશન એક્ટ સહિતના ત્રણ ગુનાઓ નોંધાયેલા છે.

◆ અજિત ઉર્ફે જસ્ટિન ( ભોલાભાઈ રામેશ્વર ગોસ્વામી ): લિંબાયત પોલીસમાં GP એક્ટ હેઠળનો એક ગુનો તેમજ અટકાયતી કાર્યવાહી થયેલી છે.

◆ રાહુલ ઉર્ફે બટકો ( જગદેવભાઈ મુન્નારામ દુબે ): પુણા પોલીસ મથકમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ દારૂબંધી ભંગનો ગુનો નોંધાયેલો છે.

## સબ રજિસ્ટ્રારના 100થી વધુ કર્મચારીઓની નોકરી પર જોખમ

**5થી** 10 વર્ષથી ફરજ બજાવતા કર્મચારીઓએ યથાસ્થિતિ જાળવવા, શ્રમ કાયદાના અમલ અને સંયુક્ત તપાસની માંગ કરી

સુરતઃ સુરત શહેર અને જિલ્લાના વિવિધ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં છેલ્લાં પાંચથી દસ વર્ષથી ફરજ બજાવતા 100થી વધુ કોન્ટ્રાક્ટ આધારિત કર્મચારીઓની નોકરી જોખમમાં મુકાઈ હોવાનું સામે આવ્યું છે. કર્મચારીઓએ રાજ્યપાલ, મુખ્યમંત્રી, વડાપ્રધાન સહિત રાજ્ય અને કેન્દ્ર સરકારના ઉચ્ચ અધિકારીઓને લેખિત રજૂઆત કરી નોકરી સુરક્ષિત રાખવા અને સમગ્ર મામલે તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની માંગ કરી છે.


કર્મચારીઓના જણાવ્યા મુજબ તેઓ "ભૂમિ એન્ટરપ્રાઇઝ"અને "સિલ્વર ટચ ટેક્નોલોજીસ લિમિટેડ" મારફતે ક્લાર્ક, ડેટા એન્ટ્રી ઓપરેટર, સ્કેનિંગ અને પેજિંગ સહિતની કામગીરી બજાવી રહ્યાં છે. તેમ છતાં વર્ષોથી સેવા આપવા છતાં નિમણૂકપત્ર, નિયમિત પગાર સ્લિપ સહિતની મૂળભૂત દસ્તાવેજી સુવિધાઓ આપવામાં આવી નથી. ઉપરાંત લઘુત્તમ વેતન, પીએફ અને ESIC સંબંધિત નિયમોના પાલન અંગે પણ ગંભીર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. કર્મચારીઓનો આક્ષેપ છે કે પોતાના કાયદેસરના હકો અને વેતન અંગે માહિતી માંગ્યા બાદ 22 જુલાઈએ અચાનક મોટા પાયે ટ્રાન્સફર ઓર્ડર આપવામાં આવ્યા હતા. ત્યારબાદ 5 ઓગસ્ટે કેટલીક કચેરીઓમાં હાલના કર્મચારીઓના સ્થાને નવા ઓપરેટરોને ગોઠવવાની પ્રક્રિયા શરૂ થતાં કર્મચારીઓમાં ભારે અસંતોષ ફેલાયો છે. આ મુદ્દે સુરત, અબ્રામા, બારડોલી, પલસાણા, માંગરોળ, કામરેજ અને મહુવાની સબ રજિસ્ટ્રાર કચેરીઓના 50થી વધુ કર્મચારીઓએ સંયુક્ત રજૂઆત કરી છે.

## INS માલવણનું સ્ટીલ હજીરાની AM/NS કંપનીએ બનાવ્યું હતું



સુરત : ભારતીય નૌસેનાના સ્વદેશી ટેક્નોલોજીથી નિર્મિત અદ્યતન એન્ટિ-સબમરીન વૉરફેર શેલો વૉટરક્રાફ્ટ (ASW-SWC) INS માલવણ માટે વપરાયેલું 100 ટકા વિશિષ્ટ હાઈ-પ્રીમિયમ સ્ટીલ AM/NS Indiaના હજીરા સ્થિત પ્લાન્ટમાં તૈયાર કરવામાં આવ્યું છે. 22 જુલાઈ, 2026ના રોજ કર્ણાટકના કારવાર ખાતે આ યુદ્ધજહાજને ભારતીય નૌસેનામાં સામેલ કરવામાં આવ્યું હતું. AM/NS Indiaના ડિરેક્ટર અને વાઈસ પ્રેસિડેન્ટ (સેલ્સ એન્ડ માર્કેટિંગ) રંજન ધરે જણાવ્યું હતું કે, હજીરા પ્લાન્ટમાં વિકસાવાયેલી અદ્યતન ઉત્પાદન ક્ષમતા, ટેક્નિકલ કુશળતા અને ઉચ્ચ ગુણવત્તાના ધોરણોના પરિણામે ભારતીય નૌસેનાના આધુનિકીકરણમાં સુરતનું મહત્વપૂર્ણ યોગદાન નોંધાયું છે. AM/NS India આ શ્રેણીના તમામ 8 યુદ્ધજહાજો માટે 100 ટકા વિશિષ્ટ સ્ટીલ સપ્લાય કરી રહી છે. કંપની અગાઉ INS વિશાખાપટ્ટનમ અને INS સુરત સહિતના નૌસેના પ્લેટફોર્મ્સ માટે પણ વિશિષ્ટ સ્ટીલ પૂરું પાડી ચૂકી છે. ઉપરાંત હજીરામાં ઉત્પાદિત સ્ટીલનો ઉપયોગ ચિનાબ રેલવે બ્રિજ, અંજી ખાડ રેલવે બ્રિજ, બોગિબીલ બ્રિજ અને ભારતના ન્યુટ્રિનો ઑબ્ઝર્વેટરી જેવા મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પ્રોજેક્ટોમાં પણ કરવામાં આવ્યો છે.

### મુંબઇથી ટ્રેનમાં ગણેશજીની પ્રતિમા સુરત આવી



સુરતમાં મોડી રાત્રે ટ્રેન દ્વારા ગણપતિની મૂર્તિ સુરત લાવવામાં આવી હતી આ મૂર્તિ લાવનાર કાર્તિક ચાહવાલાએ કહ્યું હતું કે 'દર વર્ષે મૂર્તિ મુંબઈથી સુરત ટ્રેનમાં જ લઉં છું મુંબઈના ત્રિમૂર્તિ આર્ટ ના વિશાલ સિંધે એ મારા ફ્રેન્ડ છે વર્ષોથી હું એમની પાસેથી જ મૂર્તિ બનાવું છું એમને મૂર્તિ એકદમ રિયલાઈસ્ટિક હોય છે એમના વર્કશોપમાં આપને જઈએ તો બધી મૂર્તિ આપણી સાથે વાતો કરી રહી હોય અને આપણી સામે જોઈ રહી હોય એવું આપને અનુભૂતિ થાય છે અને એમની એ જ કારીગરીને લીધે હું ત્યાંથી મૂર્તિ લાવું છું મને એમને મૂર્તિ બહુ જ ગમે છે હું એમને કોઈ દિવસ મૂર્તિ સિલેક્ટ કરતો નથી મારા ફ્રેન્ડ છે એ મને જે મૂર્તિ આપે તે જ હું દર વર્ષે લઈ લઉં છું અને એ પ્રમાણે થીમ સિલેક્ટ કરી લઉં છું મૂર્તિની સ્થાપના મારા ઘરમાં જ કરું છું અને એ એકદમ ઇકો ફ્રેન્ડલી હોય છે તેથી પર્યાવરણને નુકસાન પણ થતું નથી માટે હું ત્યાંથી જ લાવવા માટેનો આગ્રહ રાખું છું મારા ગણપતિ બાપા ઈચ્છાપૂર્તિ છે જે મારી બધી ઈચ્છા પૂરી કરે છે'.

( તસવીર : હેમંત ડેરે )

## રિંગ રોડની મોબાઈલની દુકાનો પર દરોડા CGST વિભાગના દરોડા

**ડુપ્લિકેટ** બિલિંગથી મોટી કરચોરીની આશંકા

સુરતઃ શહેરમાં સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (CGST) વિભાગે મોટી કાર્યવાહી હાથ ધરી છે. સુરતના રિંગ રોડ સ્થિત અંજટા અને રૂપમ થિયેટર આસપાસના વિસ્તારમાં આવેલા મોબાઈલના દુકાનદારો પર સીજીએસટીની અલગ-અલગ ટીમો દ્વારા સઘન દરોડા પાડવામાં આવ્યા છે. મોબાઈલ ફોન પર લાગતા 18 ટકા જીએસટીની ચોરી કરવા માટે દુકાનદારો દ્વારા અપનાવાતી ગેરરીતિઓની આશંકાએ વ્યાપારીઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.

પ્રાથમિક તપાસમાં એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે આ મોબાઈલ વિક્રેતાઓ ટેક્સ ચોરી કરવા માટે ચાલાકીભરી પદ્ધતિનો ઉપયોગ કરતા હતા. જ્યારે કોઈ ગ્રાહક રોકડમાં મોબાઈલ ખરીદતો, ત્યારે શંકા છે કે દુકાનદારો પાકું બિલ આપવાનું ટાળતા હતા અથવા ગ્રાહકના અસલી બિલ પર નોંધાયેલા IMEI નંબરને ગુપ્ત રાખીને તે જ IMEI નંબરનો ઉપયોગ અન્ય કોઈ ગ્રાહકને માલ વેચવા માટે બિલિંગમાં દર્શાવતા હતા. આવી પદ્ધતિ દ્વારા એક જ બિલ પર બે મોબાઈલ ફોન વેચીને 18 ટકા જીએસટીની ટેક્સ ચોરી કરવામાં આવતી હોવાની પૂરી આશંકા છે. CGST વિભાગને મળેલી બાતમીના આધારે આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે.

વિભાગ દ્વારા ખાસ ટીમો બનાવવામાં આવી હતી, જેણે રિંગ રોડ વિસ્તારની દુકાનો અને સ્થળો પર દરોડા પાડ્યા હતા. ટીમ દ્વારા દુકાનોમાંથી મળી આવેલા દસ્તાવેજો, લેપટોપ અને કોમ્પ્યુટર ડેટાની ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે. હાલમાં વિભાગ દ્વારા તમામ પાસાઓ પર ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે. તપાસ બાદ જ સાચી વિગતો બહાર આવશે. આ કાર્યવાહીથી સુરતના મોબાઈલ બજારમાં ભારે ચર્ચા જાગી છે.

## ચોરીના આરોપીની કોર્ટમાં તબિયત લથડ્યા બાદ સિવિલમાં મૃત જાહેર

**લોકઅપમાં** મારપીટ અને સારવારમાં બેદરકારીના પરિવારના આક્ષેપ

સુરતઃ ચોરીના ગુનામાં કતારગામ પોલીસે કોર્ટમાં રજૂ કરેલા 33 વર્ષીય આરોપીનું ગુરુવારે સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં અચાનક તબિયત બગડતા મોત નિપજ્યું હતું. મૂળ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના વતની અને હાલ કામરેજ ખાતે દાદા ભગવાન મંદિર પાસે આવેલી મનોકામના સોસાયટીમાં રહેતા નરેશભાઈ મધુભાઈ પરમારની ( ઉ.વ. 33 ) ચોરીના ગુનામાં કતારગામ પોલીસે તેમને ગુરુવારે બપોરે સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં રજૂ કર્યા હતા.

કોર્ટ પરિસરમાં તેમની તબિયત અચાનક લથડતા પોલીસ તેમને કોર્ટના મેડિકલ રૂમમાં લઈ ગઈ હતી. ત્યારબાદ 108 એમ્બ્યુલન્સ મારફતે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

### લોકઅપમાં માર માર્યાનો બહેનનો આક્ષેપ

મૃતકની બહેન રીનાબેને આક્ષેપ કર્યો હતો કે ત્રણ દિવસ પહેલાં કતારગામ પોલીસે નરેશભાઈને દારૂના કેસમાં અટકાયત કરી હતી અને બાદમાં ચોરીનો ગુનો નોંધ્યો હતો. સતત ત્રણ દિવસ સુધી તેમને પોલીસ લોકઅપમાં રાખી મારપીટ કરવામાં આવી હોવાનું પરિવારનું કહેવું છે.

### પોલીસે તાવની દવા પણ આપવા નહીં દીધી

પરિવારના જણાવ્યા મુજબ, નરેશભાઈને તાવ આવતો હોવાથી તેઓ દવા આપવા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા, પરંતુ પોલીસ દ્વારા દવા આપવા દેવામાં આવી નહોતી. કોર્ટમાં લઈ જતી વખતે પોલીસ સ્ટેશનની બહાર જ તેમની તબિયત વધુ બગડી હતી અને હોસ્પિટલ લઈ જવા વિનંતી કરવા છતાં પોલીસે તેને અવગણી તેમને કોર્ટમાં રજૂ કર્યા હોવાનો પરિવારનો આક્ષેપ છે.

### બહારથી ઇજાનાં નિશાન નહીં

નવી સિવિલ હોસ્પિટલના ઇમરજન્સી વિભાગના મેડિકલ ઓફિસર ડો. ભરત ચાવડાના જણાવ્યા મુજબ, મૃતકના શરીરના બહારના ભાગે કોઈ ઇજાના સ્પષ્ટ નિશાન જોવા મળ્યા નથી. શર્ટ ઉતારી તપાસ કરવામાં આવી હોવા છતાં કોઈ બાહ્ય ઇજા જોવા મળી નહોતી. હવે ફોરેન્સિક વિભાગ દ્વારા પોસ્ટમોર્ટમ કરવામાં આવશે, જે બાદ મોતનું ચોક્કસ કારણ સામે આવશે.

## જો કામગીરી ન થતી હોય તો રાજીનામું મૂકી દો: મ્યુ. કમિ.

**વૃક્ષારોપણમાં** ઢીલી કામગીરી મુદ્દે કમિશનર એમ.નાગરાજન ગાર્ડન સુપરિન્ટેન્ડન્ટ પર ભડક્યા

સુરતઃ રાજ્ય સરકારના 'અર્બન ગ્રીનરી અભિયાન' હેઠળ આગામી એક વર્ષમાં સુરત શહેરમાં 50 લાખ નાના-મોટા વૃક્ષો અને રોપાઓ વાવવાના લક્ષ્યાંક સામે સુરત મહાનગરપાલિકાની ધીમી કામગીરીથી મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજન ભારે નારાજ થયા હતા. ગાર્ડન વિભાગની સમીક્ષા બેઠક દરમિયાન તેમણે અધિકારીઓને કડક શબ્દોમાં જવાબદારી નિભાવવાની તાકીદ કરી હતી.

સાપ્તાહિક સમીક્ષા બેઠકમાં ગાર્ડન વિભાગે રજૂ કરેલા અહેવાલ મુજબ સુરતમાં અત્યાર સુધીમાં માત્ર 13 લાખ વૃક્ષો અને રોપાઓનું વાવેતર થયું છે. બીજી તરફ અમદાવાદ મહાનગરપાલિકાએ માત્ર એક જ અઠવાડિયામાં 34 લાખ વૃક્ષો અને રોપાઓનું રોપણ કર્યું હોવાનું રજૂ થતાં કમિશનરે સુરતની કામગીરી પર અસંતોષ વ્યક્ત કર્યો હતો. વારંવાર સૂચના આપવા છતાં વૃક્ષારોપણ માટે આયોજનબદ્ધ કાર્યક્રમ તૈયાર કરવામાં બેદરકારી દાખવાઈ હોવાનું જણાવી કમિશનરે ગાર્ડન સુપરિન્ટેન્ડન્ટને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, જો કામગીરી ન થતી હોય તો રાજીનામું મૂકી દો. સામાન્ય રીતે શાંત સ્વભાવ ધરાવતા કમિશનરની આવી કડક ટકોરથી બેઠકમાં હાજર અધિકારીઓમાં પણ દોડધામ મચી ગઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સુરત મનપાના ગાર્ડન વિભાગની કામગીરી ખાડે ગઈ છે. ઝોનમાં ગાર્ડન વિભાગના અધિકારીઓ જાણે આરામ ફરમાવવા માટે જ આવે છે. ત્યાં સુધી કે ક્યારે રસ્તા પરના વૃક્ષોને ટ્રીમ કરવા તેનું પણ તેમને ભાન હોતું નથી.

## કેન્દ્રના નવા ટેક્સેસન સુધારા બિલથી સુરતના હીરા ઉદ્યોગને મોટો લાભ થશે

**વિદેશી** માઈનિંગ કંપનીનો રફ ટ્રેડિંગનો રસ્તો ખૂલશે

સુરતઃ કેન્દ્ર સરકારે દેશના હીરા ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે મહત્ત્વપૂર્ણ પગલું ભરતાં Taxation and Other Laws (Amendment) Bill, 2026 લોકસભામાં રજૂ કર્યું છે. બિલમાં Income-tax Act, 2025ના શેડ્યુલ-IVમાં નવી Entry 13F ઉમેરવાનો પ્રસ્તાવ કરવામાં આવ્યો છે. તેના હેઠળ સરકાર દ્વારા સૂચિત Special Notified Zone (SNZ) મારફતે થતા રફ ડાયમંડના વેચાણમાંથી મળતી આવકને આવકવેરામાંથી મુક્તિ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. આ બિલથી વિદેશી માઈનિંગ કંપનીનો રફ ટ્રેડિંગનો રસ્તો ખૂલશે. પ્રસ્તાવિત કાયદો સંસદનાં બંને ગૃહમાંથી પસાર થઈ રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા બાદ અમલમાં આવશે. જોગવાઈ મુજબ આ કરમુક્તિ 1 ઓક્ટોબર, 2026થી અમલમાં આવશે અને 31 માર્ચ, 2041 સુધી એટલે કે અંદાજે 15 વર્ષ માટે ઉપલબ્ધ રહેશે.

ઇન્ડિયન ડાયમંડ ઇન્સ્ટિટ્યૂટના ચેરમેન અને GJEPC ગુજરાતના પૂર્વ ચેરમેન દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, આ કરમુક્તિનો લાભ માત્ર વિદેશી માઈનિંગ કંપનીઓને જ નહીં, પરંતુ તેમના સાઈટ હોલ્ડર્સ, બ્રોકર્સ, એગ્રીગેટર્સ તેમજ ટેન્ડર અને ઓક્શન પ્રક્રિયા સાથે જોડાયેલી સંસ્થાઓને પણ મળશે. અગાઉની જોગવાઈની સરખામણીએ લાભાર્થીઓનો વ્યાપ નોંધપાત્ર રીતે વધારવામાં આવ્યો છે.

બિલમાં રફ ડાયમંડની વ્યાખ્યા પણ સ્પષ્ટ કરવામાં આવી છે. પોલિશિંગ ન થયેલા અથવા માત્ર Sawn, Cleaved અથવા Bruted થયેલા તેમજ Kimberley Process Certificate ધરાવતા હીરાઓને આ વ્યાખ્યામાં સમાવાયા છે.

જોગવાઈ મુજબ હીરાનું વેચાણ સરકાર દ્વારા સૂચિત Special Notified Zone (SNZ)માં જ થવું ફરજિયાત રહેશે. ઉપરાંત વિદેશી કંપનીઓએ CBDT દ્વારા નિર્ધારિત નિયમો મુજબ જરૂરી માહિતી જાળવી રાખવાની અને સત્તાવાળાઓને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

દિનેશ નાવડિયાના મત મુજબ આ નિર્ણયથી સુરત અને મુંબઈમાં રફ ડાયમંડ ટ્રેડિંગને નવી ગતિ મળશે. વિદેશી માઈનિંગ કંપનીઓને ભારતમાં સીધો વેપાર કરવા પ્રોત્સાહન મળશે, જેના પરિણામે સુરતનું સ્થાન વૈશ્વિક ડાયમંડ ટ્રેડિંગ હબ તરીકે વધુ મજબૂત બનશે. સાથે જ ભારતીય હીરા ઉદ્યોગની સ્પર્ધાત્મકતા વધશે અને નિકાસમાં પણ નોંધપાત્ર વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### અડાજણમાં માધવ પાર્ક બિલ્ડિંગની પહેલા માળની બાલ્કની ધરાશાયી

સુરતઃ અડાજણ વિસ્તારમાં આવેલા હનીપાર્ક રોડ પર એક મકાનની બાલ્કની ધડાકાભેર તૂટી પડવાની ઘટના સામે આવી હતી. સુરભી ડેરી પાસે અને મહેશ પાવભાજીની પાછળ આવેલા માધવ પાર્ક બિલ્ડિંગના B-બ્લોકમાં ઘર નં.104ના પહેલા માળનો બાલ્કનીનો ભાગ અચાનક ધરાશાયી થયો હતો. અચાનક બાલ્કની તૂટી પડતાં આસપાસના વિસ્તારમાં ક્ષણભર માટે દોડધામ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે આ દુર્ઘટના બની એ સમયે નીચે કે બાલ્કનીમાં કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી અને કોઈને પણ ઈજા કે પહોંચી ન હતી. ઘટના અંગે તાત્કાલિક મોરા ભાગળ ફાયર સ્ટેશનને જાણ કરવામાં આવતાં ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર ફાઈટરોએ સ્થળ પર પહોંચી કાટમાળ ખસેડવાની સાથે આસપાસના જોખમી ભાગને સુરક્ષિત કરવાની કામગીરી હાથ ધરી હતી.

## ઉધનામાં પાર્કિંગના વિવાદમાં વકીલ પર જીવલેણ હુમલો

**અક્ષર** એપાર્ટમેન્ટના પ્રમુખે દંડો ઝીંકતાં એડ્વોકેટ વિનોદ ગોહિલ ગંભીર ઇજાગ્રસ્ત

**સ્મીમેરમાં** સારવાર, પોલીસ તપાસ શરૂ

સુરતઃ ઉધના પોલીસ સ્ટેશન નજીક આવેલા અક્ષર એપાર્ટમેન્ટમાં પાર્કિંગ મુદ્દે થયેલી સામાન્ય બોલાચાલી લોહિયાળ મારામારીમાં પરિણમતા એડ્વોકેટ વિનોદ ગોહિલ પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. માથામાં ગંભીર ઈજા પહોંચતા તેમને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવને પગલે વકીલ આલમમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.

એડ્વોકેટ વિનોદ ગોહિલ રોજની જેમ અક્ષર એપાર્ટમેન્ટમાં આવેલી એડ્વોકેટ મોમિંગ શેખની ઓફિસે કેસ સંબંધિત કામ માટે ગયા હતા. દરમિયાન કોમ્પ્લેક્સમાં કાર પાર્કિંગ બાબતે સિક્યુરિટી ગાર્ડ સાથે બોલાચાલી થઈ હતી. થોડી જ વારમાં આ વિવાદ ઉગ્ર બન્યો હતો. આક્ષેપ મુજબ તે સમયે અક્ષર એપાર્ટમેન્ટના પ્રમુખ હરિઓમ તોમર અને તેમનો પુત્ર ત્યાં પહોંચી ગયા હતા. ઉશ્કેરાયેલા હરિઓમ તોમરે સિક્યુરિટી ગાર્ડના હાથમાંથી લાકડાનો દંડો આંચકી એડ્વોકેટ વિનોદ ગોહિલના માથામાં ફટકાર્યો હતો. અચાનક થયેલા હુમલામાં વકીલ લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડતાં સ્થળ પર ભારે અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિક લોકો અને સાથી વકીલોએ ઈજાગ્રસ્ત વિનોદ ગોહિલને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યા હતા. હાલમાં ટ્રોમા સેન્ટરમાં તેમની સારવાર ચાલી રહી છે. ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં વકીલો હોસ્પિટલ પહોંચ્યા હતા અને હુમલાની ઘટનાને લઈને રોષ વ્યક્ત કર્યો હતો.